GUJARAT SAMACHAR

09.06.2018

આઈએસઆઈનાં માર્કાના દુરૂપયોગ બદલ

# રાજકોટના ઓપનવેલ સબમર્સીબલ પમ્પના ઉત્પાદકને ત્યાં દરોડા

રાજકોટ, શુક્રવાર

કોઈપણ ચીજવસ્તુના ઉત્પાદન ઉપર બિનઅધિકૃત રીતે આઈ.એસ.આઈ.નો માર્કો લગાવવાએ ગુનો બનતો હોવા છતાં રાજકોટના સબમર્સીબલ પમ્પના ઉત્પાદકને ત્યાં ભારતીય માનક બ્યુરોએ દરોડા પાડી બ્રાહ્મણી એન્જીનીયરીંગ નામની કંપનીને ત્યાંથી આઈએસઆઈના માર્કોનો દુરૂપયોગ થતો હોવાનું ઝડપી લીધું હતું.

## પુર્વપરવાનગી વગર આઈએસઆઈના માર્કાનો ઉપયોગ કરવા બદલ રૂા. બે લાખનો દંડ અથવા બે વર્ષની કેદની સજા

આઈ.એસ.આઈ.ના માર્કાના દુરૂપયોગ સંદર્ભે આપવામાં આવેલી વિગતોના સંદર્ભમાં જણાવાયું હતું કે, ઓપનવેલ સબમર્સીબલ પમ્પના ઉત્પાદક મે. બ્રાહ્મણી એન્જીનીયરીંગ કંપની, મેઘાણીવાડી શેરી, મોઢીબાયપાસ, રાજકોટ ખાતે દરોડા પાડવામાં આવતા આઈએસઆઈના માર્કાના દુરૂપયોગ થતો હોવાનું જાણવા મળ્યું હતું. અહીંથી કોમેક્સ બ્રાન્ડના ૮ ઓપનવેલ સબમર્સીબલ પમ્પ કબ્જે કરવામાં આવ્યા હતા. ભારતીય માનક બ્યુરોના રાજકોટ પ્રદેશના વડા એસ.કે. સિંહે જણાવ્યું હતું કે, પુર્વ પરવાનગી વગર આઈ.એસ.આઈ.ના માર્કાનો ઉપયોગ કરવાથી બે વર્ષની જેલ અથવા બે લાખ રૂા.નો દંડ થઈ શકે છે. વધુમાં આહીર બેવરીજીસ, વોર્ડ નં. ડીસી - ૨, પ્લોટનં ૨૪૪, ગુરૂકુળ પાસે, ગાંધીધામમાં પણ દરોડા પાડવામાં આવ્યા કાવ્યા બ્રાન્ડના ૨૦૦ મીલીના ૫૦ પાઉચના ૪૦૦ બેગ અને પોલીથીલીના ફિલ્મના ૧૫ રોલ કબ્જે કરવામાં આવ્યા હતા.

આ પ્રકારે આઈ.એસ.આઈ.ના માર્કાનો ક્યાં - અનાધિકૃત ઉપયોગ થતો હોય તો ત્વરીત રાજકોટ સ્થિત કચેરીને જાણ કરવા એક યાદીમાં જણાવાયું હતું.

Scanned by CamScanner

SANDESH

10-06-2018

ઓપનવેલ સબમર્સિબલ પમ્પના ઉત્પાદન યુનિટ પર દરોડો

# રાજકોટમાં લાયસન્સ વગર ISI માર્ક લગાવી સબમર્સિબલ પમ્પનું વેચાણ

રાજકોટ, તા. ૦૮

રાજકોટમાં ઓપનવેલ સબમર્સિબલ પમ્પના ઉત્પાદક બહ્માણી એન્જિનિયરીંગ દ્વારા લાયસન્સ અને મંજૂરી વગર આઈએસઆઈના માર્કા લગાવવાનું લાંબા સમયથી ચાલતું હોવાનું જણાયું હતું. આ તકે સબુતના રૂપમાં આઈએસઆઈ માર્કા લગાવેલા કોમેક્સ બ્રાન્ડના ૮ ઓપનવેલ સબમર્સિબલ મળી આવ્યા હતા.

આઈએસઆઈના રાજકોટ બ્રાન્ચના પ્રમુખ એસ કે સિંહે જણાવ્યું હતું કે બેઈમાન ઉત્પાદક જનતાને છેતરવા માટે લાયસન્સ વગર આઈએસઆઈના માર્કાનો ઉપયોગ કરતો હોય છે. તેમની સામે કાયદેસર કાર્યવાહી કરાતા બે વર્ષની જેલ અથવા ઓછામાં ઓછો બે લાખના દંડ અથવા બન્ને સજાપાત્ર છે.

DIVYA BHASKAR

Dt. 10.06.2018

બીઆઈએસના દરોડા

# પ્રતિબંધિત પાણીના પાઉચ અને સબમર્સિબલના ઉત્પાદક ઝપટમાં

બિઝનેસ રિપોર્ટર | રાજકોટ

ભારતીય માનક બ્યુરોના અધિકારીએ, રાજકોટ, કચ્છમાં સબમર્સિબલ પમ્પ અને પાણીના પાઉચના ઉત્પાદકોને ત્યાં દરોડા પાડયા હતા. દરોડા દરમિયાન જાણવા મળ્યું કે ઉત્પાદકો દ્વારા નકલી આઈએસઆઈનો માર્કો લગાવવામાં આવતો હતો. નકલી માર્કાવાળા સબમર્સિબલ પમ્પ તથા પાણીના પાઉચનો જથ્થો કબજે કરવામાં આવ્યો છે અને ઉત્પાદકો સામે કાર્યવાહી કરવામાં આવી છે. કુલ બે ટીમ આ કામગીરીમાં જોડાઈ હતી. જેમાં કચ્છ ખાતે પીવાના પાણીના પાઉચના ઉત્પાદક આહીર બેવરેજિસ અને રાજકોટમાં પમ્પના ઉત્પાદક ઓપનવેલ સબમર્સિબલ પમ્પ ખાતે દરોડા પાડવામાં આવ્યા હતા. વધુમાં અધિકારીના જણાવ્યાનુસાર બન્ને ઉત્પાદકો લાઈસન્સ વગરના માર્કાનો ઉપયોગ કરતા હતા. જે અપરાધનીય ગુનો બને છે અને જે બદલ બે વરસની સજા અથવા તો 2 લાખનો નાણાકીય દંડ થઈ શકે છે.

Scanned by CamScanner

PHULCHHAB

10-06-2018

PHULCHHAB – 10-6-2018

# સબમર્સિબલ પમ્પ નિર્માતાને ત્યાં ત્રાટકતું ભારતીય માનક બ્યૂરો

- કોમેક્સ બ્રાન્ડના ૮ ઓપનવેલ સબમર્સિબલ પંપ પણ કબજે
- ગાંધીધામના આહીર બેવરેજીસના પાણીના પાઉચમાં આઈએસઆઈ માર્કનો દુરુપયોગ થતો હોવાનું ખુલ્યું

રાજકોટઃ ભારતીય નાટક બ્યૂરો રાજકોટ શાખા કાર્યાલયમાં અધિકારીઓએ એક ટૂકડીએ તાજેતરમાં લાયસન્સ લીધા વિના ઓપનવેલ સબમર્સિબલ પમ્પના ઉત્પાદન, પેકિંગ અને આઈએસઆઈ માર્ક હોવાની સૂચનાના આધારે રાજકોટમાં મેઘાણીવાડી શેરીમાં મેસર્સ બ્રાહ્મણી એન્જિનિયરીંગ કંપનીને ત્યાં દરોડો પાડતા ભારતીય માનક બ્યુરોના માર્કનો દુરુપયોગ થતો હોવાનું જાણવા મળ્યું હતું. સ્થળ પરથી કોમેક્સ બ્રાન્ડના ૮ ઓપનવેલ સબમર્સિબલ પંપ પણ કબજે કર્યા હતાં.

આ ઉપરાંત અધિકારીઓને લાયસન્સ લીધા વિના પીવાના પાણી ઉત્પાદન પેકીંગ અને આઈએસઆઈ માર્ક હોવાની સૂચના મળતા તેઓએ તાજેતરમાં પેકેજબંધ પીવાના પાણીના ઉત્પાદક આહીર બેવરેજીસ વોર્ડ નં ડીસી-૨, પ્લોટ નં.૨૪૪, ગુરુકુળ પાસે, ગાંધીધામ, જિલ્લો કચ્છમાં જગ્યા પર દરોડા પાડતા મોટી માત્રામાં ભારતીય માનક બ્યૂરોના માર્કા (આઈએસઆઈ)નો દુરુપયોગ થતો હોવાનું ખુલ્યું હતું. કાવ્યા બ્રાન્ડના ૨૦૦ મીલીના ૫૦ પાઉચના ૪૦૦ બેગ અને પોલીથીલીનના ફિલ્મના ૧૫ રોલ કબજે કરવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કોઈપણ વ્યક્તિ ભારતીય માનક બ્યૂરોના બ્યૂરો માનક માર્ક આઈએસઆઈના લાયસન્સ વિના આ વસ્તુનું ઉત્પાદન ન કરી શકે. બ્યૂરોની પૂર્વ પરવાનગી વગર બ્યૂરો માનક માર્કનો પ્રયોગ કરવાવાળાના વિરુધ્ધ ભારતીય માનક બ્યુરો અધિનિયમ ૨૦૧૬ના અનુચ્છેદ ૧૭ અને ૨૬ના ઉલ્લંઘનની કાર્યવાહી કરી શકશે. આ અવરોધ દંડનીય છે. જે અંતર્ગત બે વર્ષની જેલ અથવા ઓછામાં ઓછા રૂ.૨,૦૦,૦૦૦/- આર્થિક દંડ અને બન્નેના સજાપાત્ર છે. તેમ ભારતીય માનક બ્યુરોના વૈજ્ઞાનિક અને પ્રમુખની યાદી જણાવે છે.

Scanned by CamScanner